# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 26-07-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

*******************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદે નિતી આયોગની સંચાલન પરિષદની નવમી બેઠક આવતીકાલે દિલ્હીમાં યોજાશે.
- પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે કારગિલ વિજય દિવસના અવસરે કારગિલ યુદ્ધ સ્મારક ખાતે દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનાર સૈનિકોને  શ્રદ્ધાંજલિ આપી.
- કેન્દ્ર સરકાર અનાજના લઘુત્તમ ટેકાના ભાવ – MSP માં સતત વધારો કરી રહી છે.
- આસામના મોઈદમને   યુનેસ્કો વિશ્વ વારસાની યાદીમાં સ્થાન મળ્યું  છે.
- મહિલાઓની એશિયા કપ ક્રિકેટ સ્પર્ધામાં ભારતે બાંગ્લાદેશને 10 વિકેટે પરાજય આપીને સ્પર્ધાની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.
- પ્રતિષ્ઠિત ઓલિમ્પિક સ્પર્ધાનો ફ્રાન્સના પેરિસમાં આજથી આરંભ થશે.

*******************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## PM - GOVERNING COUNCIL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદે નિતી આયોગની સંચાલન પરિષદની નવમી બેઠક આવતીકાલે દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્રમાં યોજાશે. આ બેઠકની વિષયવસ્તુ છે વર્ષ 2047 સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવો.

આ બેઠકમાં વિકસિત ભારતના દ્રષ્ટિકોણ અંગેના દસ્તાવેજ પર ચર્ચાવિચારણા થશે. નિતીઆયોગના સૂત્રોના જણાવ્યા મુજબ દેશના નાગરિકોના જીવન ધોરણની ગુણવત્તામાં વધારો

કરવા કેન્દ્ર અને રાજય સરકારો વચ્ચે સહકાર અને સુશાસનને કેન્દ્રમાં રાખવાની બાબત આ ચર્ચાના કેન્દ્રમાં રહેશે. એવી જ રીતે વિકસિત ભારતનું ધ્યેય હાંસલ કરવામાં રાજયોની ભૂમિકા અંગે બેઠકમાં ચર્ચાવિચારણા કરાશે.

આવતીકાલની આ બેઠકમાં પ્રધાનમંત્રી ઉપરાંત રાજયોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપરાજયપાલો, નિતીઆયોગના ઉપાધ્યક્ષ અને આમંત્રિત પ્રતિનિધિઓ ભાગ લેશે.

## MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત રવિવારે રાત્રે આઠ વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

## NEW-PM-KARGIL-VIJAY-DIWAS

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે 25માં કારગિલ વિજય દિવસના અવસરે કારગિલ યુદ્ધ સ્મારકની મુલાકાત લીધી હતી. શ્રી મોદીએ સર્વોચ્ચ બલિદાન આપનાર સૈનિકોને  દ્રાસમાં શ્રદ્ધાંજલિ આપી હતી. પ્રધાનમંત્રીએ  જણાવ્યું હતું કે, દેશની રક્ષા કરનારા તમામ વિરોને શ્રદ્ધાંજલિ આપવાનો  દરેક ભારતીય માટે આ ખૂબ જ ખાસ દિવસ છે.

તેમણે કહ્યું કે લદ્દાખની આ મહાન ભૂમિ કારગીલ વિજય દિવસની 25મી વર્ષગાંઠની સાક્ષી બની રહી છે. કારગિલ વિજય દિવસ આપણને જણાવે છે કે દેશ માટે આપેલું બલિદાન અમર છે.

જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરના આતંકવાદી હુમલાઓ અંગે પાકિસ્તાનની ટીકા કરતા શ્રી મોદીએ કહ્યું કે પાકિસ્તાન ભૂતકાળમાં પણ તેના તમામ નાપાક પ્રયાસોમાં નિષ્ફળ રહ્યું છે,

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતીય સૈનિકો આતંકવાદને પૂરી તાકાતથી કચડી નાખશે અને દેશના દુશ્મનોને જડબાતોડ જવાબ આપવામાં આવશે.

શ્રી મોદીએ આજે શિંકુન લા ટનલ પ્રોજેક્ટના નિર્માણ કાર્યનું પણ લોકાર્પણ કર્યુ . શિંકુન લા ટનલ પ્રોજેક્ટનું વર્ચ્યુઅલ રીતે પ્રથમ બ્લાસ્ટ કરતાં તેમણે જણાવ્યું કે ખાસ કરીને ખરાબ હવામાન દરમિયાન લેહ સાથેનો સંપર્ક સુધારવા માટે આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ છે. આ 4.1 કિલોમીટર લાંબી ટ્વીન ટ્યુબ ટનલ નીમુ-પદુમ-દારચા રોડ પર લગભગ 15 હજાર 800 ફૂટની ઊંચાઈએ બાંધવામાં આવશે જેથી લેહને દરેક હવામાનમાં સંપર્ક મળી શકે. જ્યારે તે પૂર્ણ થશે ત્યારે તે વિશ્વની સૌથી ઊંચી ટનલ હશે. શિંકુન લા ટનલ લદ્દાખમાં આર્થિક અને સામાજિક વિકાસને પણ વેગ આપશે.

## NEW-PM-KARGIL-VIJAY-DIWAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે 25માં કારગિલ વિજય દિવસના અવસરે કારગિલ યુદ્ધ સ્મારકની મુલાકાત લીધી હતી. શ્રી મોદીએ સર્વોચ્ચ બલિદાન આપનાર સૈનિકોને દ્રાસમાં શ્રદ્ધાંજલિ આપી હતી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, દેશની રક્ષા કરનારા તમામ વિરોને શ્રદ્ધાંજલિ આપવાનો દરેક ભારતીય માટે આ ખૂબ જ ખાસ દિવસ છે.

તેમણે કહ્યું કે લદ્દાખની આ મહાન ભૂમિ કારગીલ વિજય દિવસની 25મી વર્ષગાંઠની સાક્ષી બની રહી છે. કારગિલ વિજય દિવસ આપણને જણાવે છે કે દેશ માટે આપેલું બલિદાન અમર છે.

જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરના આતંકવાદી હુમલાઓ અંગે પાકિસ્તાનની ટીકા કરતા શ્રી મોદીએ કહ્યું કે પાકિસ્તાન ભૂતકાળમાં પણ તેના તમામ નાપાક પ્રયાસોમાં નિષ્ફળ રહ્યું છે,

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતીય સૈનિકો આતંકવાદને પૂરી તાકાતથી કચડી નાખશે અને દેશના દુશ્મનોને જડબાતોડ જવાબ આપવામાં આવશે.

શ્રી મોદીએ આજે શિંકુન લા ટનલ પ્રોજેક્ટના નિર્માણ કાર્યનું પણ લોકાર્પણ કર્યુ . શિંકુન લા ટનલ પ્રોજેક્ટનું વર્ચ્યુઅલ રીતે પ્રથમ બ્લાસ્ટ કરતાં તેમણે જણાવ્યું કે ખાસ કરીને ખરાબ હવામાન દરમિયાન લેહ સાથેનો સંપર્ક સુધારવા માટે આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ છે.

**REV. RS-MSP**

કેન્દ્ર સરકાર ખેડૂતોના કલ્યાણને ધ્યાનમાં રાખીને અનાજના લઘુત્તમ ટેકાના ભાવ – MSP માં સતત વધારો કરી રહી છે. કેન્દ્રિય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે આજે રાજયસભામાં કૃષિ ઉપજોના ટેકાના ભાવો માટે કાનૂની બાંહેધરીને લગતા એક પૂરક પ્રશ્નના જવાબમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, વર્ષ 2013માં બાજરીની MSP એક હજાર 250 રૂપિયા હતી જે હવે વધારીને બે બજાર 625 રૂપિયા જયારે મકાઇની MSP એક હજાર 310 રૂપિયાથી વધારીને બે હજાર 225 રૂપિયા, ઘઉંની MSP એક હજાર 400 રૂપિયાથી વધારીને બે હજાર 275 રૂપિયા કરવામાં આવી છે.

## MOIDAMS---UNESCO

આસામના મોઈદમને સાંસ્કૃતિક શ્રેણીમાં પ્રતિષ્ઠિત 43માં યુનેસ્કો વિશ્વ વારસાની યાદીમાં સ્થાન મળ્યું છે. લગભગ સાતસો વર્ષ જૂના, મોઈદમ ઇંટ અને પથ્થરના હોલો ક્રિપ્ટ્સ છે અને તેમાં રાજાઓ અને રાજવીઓના અવશેષો છે. નવી દિલ્હીમાં યોજાયેલી વર્લ્ડ હેરિટેજ કમિટીની બેઠકમાં મોઈદમનો સમાવેશ કરવાનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો. વિશ્વ વારસા સૂચીમાં સ્થાન પામનાર મોઈદમ્સ એ ઇશાન ભારતનું પ્રથમ સાંસ્કૃતિક સ્થળ છે. આ ઉપરાંત ઇશાન ભારતના કાઝીરંગા અને માનસને પ્રાકૃતિક વારસાની શ્રેણી હેઠળ અંકિત કરવામાં આવ્યા હતા.

આ જાહેરાત કરતા, સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે કહ્યું કે ઉત્તર-પૂર્વ અને આસામ માટે આ એક મોટી ઉપલબ્ધિ છે. તેમણે કહ્યું કે, આ માનદ દરજ્જો સ્થળની આસપાસના સંરક્ષણ અને પર્યટનના વિકાસમાં ઘણી મદદ કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામના ચરાઈદેવ મોઈદમને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં સામેલ કરવા પર ગર્વ અને ખુશી વ્યક્ત કરી છે. એક ટ્વિટમાં શ્રી મોદીએ કહ્યું કે ચરાઈદેવ મોઈદમ ભવ્ય અહોમ સંસ્કૃતિનું પ્રતીક છે. તેમણે આશા વ્યક્ત કરી કે હવે વધુને વધુ લોકો મહાન અહોમ શાસન અને સંસ્કૃતિ વિશે જાણી શકશે.

MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.**

**વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો...**

# LS-JANAUSHADHI

કેન્દ્ર સરકારે 31 માર્ચ, 2027 સુધીમાં દેશભરમાં 25 હજાર પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્રો ખોલવાનું લક્ષ્ય રાખ્યું છે. રસાયણ અને ખાતર રાજ્ય મંત્રી અનુપ્રિયા પટેલે આજે લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ગયા મહિને જૂન સુધીમાં દેશભરમાં પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓમાં 5 હજાર 47 પ્રધાન મંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્રો ખોલવામાં આવ્યા છે. શ્રીમતી પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી ભારતીય જનઔષધી યોજના હેઠળ 2 હજાર 47 દવાઓ અને 3 હજાર સર્જીકલ અને તબીબી ઉપભોગ્ય વસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# WOMEN-S-ASIA-CUP

મહિલાઓની એશિયા કપ ક્રિકેટ સ્પર્ધામાં ભારતે બાંગ્લાદેશને 10 વિકેટે પરાજય આપીને સ્પર્ધાની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આજે શ્રીલંકાના દામ્બુલામાં રમાયેલી પહેલી સેમિફાઇનલમાં ભારતે વિજય માટેના 81 રનનું લક્ષ્ય માત્ર 11 ઓવરમાં એકપણ વિકેટ ગુમાવ્યા વિના હાંસલ કર્યું હતું.

ભારતની સ્મૃતિ મંધાનાએ 39 બોલમાં 55 રન, જયારે શેફાલી વર્માએ 28 બોલમાં 26 રન નોંધાવીને ભારતને વિજય અપાવ્યો હતો. અગાઉ, બાંગ્લાદેશે ટોસ જીતીને પહેલા બેટીંગ કરતાં 20 ઓવરમાં આઠ વિકેટે 80 રન નોંધાવ્યા હતા. ભારતની રેણુકા સિંહ અને રાધા યાદવે 3-3 વિકેટો ઝડપી હતી. રેણુકા સિંહને પ્લેયર ઓફ ધ મેચ પુરસ્કાર અપાયો.

# PARIS-OLYMPICS

રમત ક્ષેત્રે પ્રતિષ્ઠિત ઓલિમ્પિક સ્પર્ધાનો ફ્રાન્સના પેરિસમાં આજથી આરંભ થશે. ભારતીય સમય મુજબ આજે રાત્રે 11 વાગ્યે ઓલિમ્પિક સ્પર્ધાનો ઉદઘાટન સમારંભ સેન નદી ખાતે યોજાશે.

ઓલિમ્પિકનો ઉદઘાટન સમારોહ મેદાનની બહાર પ્રથમવાર યોજાશે. જેમાં આશરે 10 હજાર 500થી વધુ એથ્લેટો સેન નદીમાં 100 જેટલી નૌકાઓમાં બેસીને લોકોનું અભિવાદન ઝીલશે. ભારતના એથ્લેટોની ટુકડીની આગેવાની શરથ કમલ અને પી.વી.સિંધુ સંભાળશે. ભારતીય રમતવીરો દેશના પારંપારિક પોશાકોમાં સજ્જ હશે.

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજથી શરૂ થનાર પેરિસ ઓલિમ્પિક-2024માં ભાગ લઈ રહેલા ગુજરાતના હરમીત દેસાઇ, માનવ ઠક્કર અને ઇલાવેનિલ વાલારિવાન ઉપરાંત તમામ ભારતીય ખેલાડીઓને સમગ્ર ગુજરાતના નાગરિકો વતી જ્વલંત સફળતાની શુભેચ્છાઓ પાઠવી છે.

ઉલ્લેખનીય છે કે, ભારતીય રમતવીરો આવતીકાલથી મિક્સ ટીમ ઇવેન્ટમાં 10 મીટર એર રાઇફલ અને પૂરૂષ અને મહિલા વિભાગની 10 મીટર એર પિસ્ટલ સ્પર્ધામાં ચંદ્રક જીતવાના અભિયાનનો આરંભ કરશે.

## MAHARASHTRA SAHITYA AWARD

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીએ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર ગુજરાતી સાહિત્યકારોને વર્ષ 2022-23 માટેના સાહિત્ય પુરસ્કારોની જાહેરાત કરી છે. સત્તાવાર યાદી મુજબ, ઇશ્વરલાલ પરમારને કવિ નર્મદ ગુજરાતી સાહિત્ય પુરસ્કાર અપાશે.

એવી જ રીતે, સાહિત્ય ક્ષેત્રે તારિણી બહેન દેસાઇને, કલાક્ષેત્રે લલિતા પટેલને પત્રકારત્વ ક્ષેત્રે અક્ષય અંતાણીને તેમજ જન્મભૂમિ- સૌરાષ્ટ્ર ટ્રસ્ટને જીવન ગૌરવ પુરસ્કાર અપાશે. નવલકથા માટે નિરંજન મહેતાને અતિથી દેવો ભવઃ માટે ચૂનીલાલ મડિયા પુરસ્કાર એવી જ રીતે કવિતામાં ઉદયન ઠક્કર અને પ્રદિપ સંઘવીને હરીશચંદ્ર ભટ્ટ પુરસ્કાર અપાશે. લલિત નિબંધ ક્ષેત્રે નીલા સંઘવીને વાડીલાલ ડગલી પુરસ્કાર અપાશે. નવોદિત લેખકો માટેના યશવંત જોષી પુરસ્કાર માટે મીતા મેવાડા અને મમતા પટેલની પસંદગી થઇ છે.

આકાશવાણી મુંબઇમાં પ્રોગ્રામ એક્ઝીક્યુટીવ તરીકે કાર્યરત વૈશાલી ત્રિવેદીને અનુવાદ શ્રેણીમાં નટસમ્રાટ માટે ગોપાળ રાવ વિદ્વાંસ પુરસ્કાર અપાશે.

## LS-JUDGES

કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે આજે લોકસભામાં માહિતી આપી હતી કે 2018થી દેશમાં વડી અદાલતમાં 661 ન્યાયાધીશોની  નિમણૂક કરવામાં આવી છે. તેમાંથી 21 અનુસૂચિત જાતિના, 12 અનુસૂચિત જનજાતિના, 78 અન્ય પછાત વર્ગના અને 499 સામાન્ય વર્ગના છે. એક લેખિત જવાબમાં, તેમણે કહ્યું કે સરકાર ન્યાયાધીશોની નિમણૂક માટે દરખાસ્તો મોકલતી વખતે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો, લઘુમતીઓના યોગ્ય ઉમેદવારોને, યોગ્ય વિચારણા કરવા માટે હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશોને વિનંતી કરી રહી છે. શ્રી મેઘવાલે જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતમાં ન્યાયાધીશોની નિમણૂક બંધારણ હેઠળ કરવામાં આવે છે, જે કોઈપણ જાતિ કે વર્ગની  વ્યક્તિઓ માટે અનામતની જોગવાઈ કરતું નથી.